## આઈઆઈટીઈના ૪૮૦ વિદ્યાર્થીઓ

# ‘‘ગાંધી વિચાર’’ને રાજયના દોઢ લાખ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે

**આઈઆઈટીઈના નવતર પ્રયોગ સમા ‘‘બાપુ સ્કૂલ મેં’’ કાર્યક્રમને શિક્ષણમંત્રીના હસ્તે લોન્ચ કરાયો : ૨૬ થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન આઈઆઈટીઈના ૪૮૦ વિદ્યાર્થીઓ અને ૮૦ અધ્યાપકો મળીને રાજ્યભરમાં ગાંધી વિચાર વિસ્તારક તરીકે કામ કરશે**




ગાંધીનગર, તા. ૨૪

સમગ્ર ભારતમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઊજવણી થઇ રહી છે ત્યારે ગાંધીજીના મૂલ્યો અને વિચારોને રાજયની શાળાઓના વિદ્યાર્થીઓ થકી રાજયભરમાં પહોંચાડવાના હેતુસર ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન-આઇ.આઇ.ટી.ઇ.) દ્વારા ‘‘બાપુ સ્કૂલ મેં’’ શિર્ષક હેઠળ એક મહા અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. ૨૬ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધીના આ અભિયાન અંતર્ગત ગાંધીબાપુએ સૂચવેલા શિક્ષણના વિચારને આત્મસાત કરીને દેશની ભાવિ પેઢીઓનું રાષ્ટ્ર નિર્માણ માટે ઘડતર કરવા આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગરના ૪૮૦ વિદ્યાર્થીઓ અને ૮૦ અધ્યાપકો મળીને કુલ ૫૬૦ ગાંધી વિચાર વિસ્તારકો ગુજરાતના ૩૩ જિલ્લાઓ અને તમામ મહાનગરપાલિકાઓની એક હજાર શાળાઓના ૧.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓમાં બાપુના વિચારો અને મૂલ્યોનો વિસ્તાર કરાશે. આ વિશિષ્ટ અભિયાનને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર ખાતેથી ખુલ્લુ મુક્યુ હતું.

એક સાચા શિક્ષક બનવાના હેતુ અને વૈચારિક રીતે આઈઆઈટીઈ સાથે જોડાયેલા તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતું કે, ‘‘બાપુ સ્કૂલ મેં’’ અભિયાન અંતર્ગત ગાંધી વિચાર વિસ્તારકનો નવતર પ્રયોગ માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં કોઇ યુનિવર્સિટીએ કર્યો નહી હોય. આ એક આવકાર્ય પ્રયોગ છે તેમ કહીને ચુડાસમાએ ઉમેર્યુ હતું કે ગાંધીજીનો એક ગુણ પણ આત્મસાત થશે તો તે રાષ્ટ્ર જ નહી વ્યક્તિગત વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ઉમેર્યુ હતું કે, તમે એક ખુબ મોટા વિચારના વિસ્તારક તરીકે જઇ રહ્યા છે. તમે પસંદ કરેલું કામ નાનુ-સુનુ નથી. આ કામમાં સ્વૈચ્છિક રીતે જોડાવવુ એ જ ગાંધી વિચારની સફળતા છે. ગાંધીજીના વિચારો પેઢી-પરંપરાગત યાદ રહે તો દેશ વધુ આબાદ રહેશે. અનેક દેશો એવા છે કે જેમાં પૂજ્ય બાપુના ૧૧ વ્રતોનું અનુવાદ કરીને તેને ફ્રેમ કરવામાં આવ્યા છે.

આઈઆઈટીઈના કુલપતિ ડૉ.હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પૂજય ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થકી તેમના વિચારો અને મૂલ્યોની જનજાગૃતિ માટે શરૂ કરેલા અભિયાનને વધુ વેગવાન બનાવવાનો અમારો પ્રયત્ન છે. ગાંધીજીના વિચારને વધુને વધુ લોકો સુધી પહોંચાડવાનું અમારુ કર્તવ્ય અને પવિત્ર ફરજ છે. કોમ્યુનીટી, કલ્ચર અને કમિટમેન્ટ આ ત્રણ પાયા ઉપર ‘કોમ્યુનીટી આઉટ રીચ’ પોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે. સમગ્ર રાજયમાં ગાંધી વિચારના બીજ વાવવાના ઉદેશ્ય સાથે તૈયાર કરાયેલ આ અભિયાનની

● અનુસંધાન પાન-૭ પર



પ્રજાસત્તા પર્વનું કાઉન્ટ-ડાઉન : રાજયના પાટનગરમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો દબદબો હતો... વર્ષો સુધી ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડ પર રાજ્યકક્ષાની ઉજવણી આકર્ષણનું કેન્દ્ર બની રહેતી હતી... છેલ્લા દાયકામાં બદલાયેલી પરંપરા મુજબ હવે વારફરથી જીલ્લા મથકો પર પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભારે ધામધૂમથી થાય છે... ગાંધીનગર જાણે ઉજવણીમાં અળખામણું બની ગયું હોય એમ માત્ર ઔપચારિકતા નિભાવવાતી હોય એમ પાટનગરમાં પ્રજાસત્તાક પર્વની શાળાના બાળકોને ભરોસે થાય છે... નાગરિકોનો ઉત્સાહ નહિવત બનતો ગયો છે... આવતીકાલે પ્રજાસત્તાક પર્વે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ રામકથા મેદાનમાં યોજાયું તે સમયની તસવીર....

# ઘ-૪ અન્ડર પાસના નિર્માણ માટે હવે લોખંડ કોંક્રીટ બેઈઝ કામ હાથ ધરાશે

**ડિઝાઇન આખરી થતા ટુંકમાં કામગીરી તેજ બનશે : થલતેજની પેટર્ન પર તૈયાર થનારા ૧૬૩ મીટર લાંબા અન્ડર પાસને અનુલક્ષી હાલ ખોદાણ ચાલી રહ્યુ છે**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર શહેરના હાર્દસમા વિસ્તારમાં અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. જયારે હાલ સર્કલ દુર કરી ખોદકામ ચાલી રહ્યુ છે. ત્યારે થલતેજની પેટર્ન મુજબ તૈયાર થનારા આ અન્ડર પાસને અનુલક્ષી ટુંકમાં જ ડિઝાઈન આખરી કરી દેવાયા બાદ સિમેન્ટ કોંક્રીટ બેઈઝ કામગીરી પણ હાથ ધરાશે. અન્ડર પાસના પ્રોજેકટના કામમાં ગતિ આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં અન્ડરપાસના નિર્માણની કામગીરી ચાલી રહી છે. જયારે અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી પ્રાથમિક તબક્કે સર્કલ દુર કરી પસાર થતી લાઈનોને પણ અન્ય જગ્યાએ ખસેડવાનુ કામ હાથ ધરાયુ હતુ. ઘ-૪ વિસ્તારમાં અન્ડર પાસનુ કામ હાથ ધરાયા બાદ હાલ આ વિસ્તારમાં ટ્રાફિક સિનારીયો પણ બદલાયો છે. મુખ્યમાર્ગ પરથી પસાર થતા ટ્રાફિકને સે-૧૬ ના સર્વિસ રોડ પર ડાયવર્ટ કરાયો છે. જેના લીધે સેકટરના સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વ આ અન્ડર પાસનુ કામ પુર્ણ કરવામાં આવે તે માટે હાલ અન્ડર પાસની કામગીરી શકય હોય તેટલી ઝડપે તબક્કાવાર પુર્ણ થાય તે મુજબ આયોજન કરાયુ છે. હાલ અન્ડર પાસને અનુલક્ષી લોખંડ કોંક્રીટનુ કામ હાથ ધરવા માટે ડિઝાઈન સર્કલ કક્ષાએ આખરી ડીઝાઈન મંજુરી અર્થે મુકવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## હવે શિક્ષકો ઘરે ઘરે ફરી નિરક્ષરોનો સર્વે કરશે

ગાંધીનગર, તા. ૨૪

હવે, શિક્ષકો દ્વારા સાક્ષર ગુજરાત-૨૦૩૦ માટે નિરક્ષરો શોધવા ઘરે ઘરે ફરી સર્વે કરશે.

શિક્ષકોને નિરીક્ષર શોધવા માટે ૧૦ જેટલી બાબતોનો સર્વે કરવા માટે જણાવવામાં આવ્યુ છે. ૧૫ થી ૫૫ વર્ષની વયજૂથના લોકોને જ આ સર્વેમાં આવરી લેવામાં આવનાર છે.

રાજ્ય સરકારે આ નિર્ણય નવેમ્બર-૨૦૧૯માં કર્યો હતો પરંતુ હવે તંત્રએ આ અંગે લીલી ઝંડી આપી અને તાત્કાલિક આ સર્વે શરૂ કરવાની સૂચનાઓ આપવા જિલ્લા પ્રાથમિક શાસના અધિકારીઓને જણાવવામાં આવ્યુ છે.

સાક્ષરતા માટે નિરંતર શિક્ષણના ખાસ વર્ગો પણ ચલાવે છે અને તેમની સાક્ષરતા નિપુણતા અંગે કસોટી પણ યોજવામાં આવે છે આમ છતાં કોઈ નિરક્ષર ના રહી જાય તે માટે આ ખાસ સર્વે હાથ ધરવામાં આવી રહ્યાનું સૂત્રોએ જણાવ્યુ છે.

સર્વે ક્યારથી શરૂ થશે તે અંગે તંત્રના અધિકારીઓ મૌન ધારણ કરીને બેઠા છે. પરંતુ લેખિતમાં આ અંગેની સૂચનાઓ અપાઈ છે.

# સેક્ટર-૧૩ સીમાં રખડતા ઢોરનો ત્રાસ સલામતી જોખમાતા રહીશોએ ફેન્સીંગ કરી

**સેકટરમાં રખડતા ઢોર ઘુસી જતા રહીશો તોબા : બેફામ જતા બાઇકચાલકોના લીધે પણ રોડ સેફ્ટીનો પ્રશ્ન : શહેરના મોટાભાગના સેકટરોની જટીલ સમસ્યા**

ગાંધીનગર તા ૨૪

શહેરના સેકટરોમાં ડગલે ને પગલે દુવિધાઓ મંડરાયેલી જોવા મળે છે. આમ નાગરિકો આ દુવિધાઓથી ત્રસ્ત છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં રખડતા ઢોરના લીધે સ્થાનિકોની સલામતી જોખમાઇ છે. જયારે આંતરિક માર્ગો પર રોડ સેફટીને અનુલક્ષીને પણ સવાલો મંડરાયા છે. સે-૧૩ સી માં પણ રખડતા ઢોર તેમજ અસુરક્ષિત રીતે પસાર થતા વાહનોથી બચવા માટે સેકટરના ચોકકસ પોકેટમાં સ્થાનિકોએ ફેન્સીંગ કરાવી દીધી છે. રખડતા ઢોરનો પ્રશ્ન એટલી હદે જટીલ બની ગયો છે કે નાગરિકો હવે તંત્રની આશ છોડી પોતાની રીતે જ

● અનુસંધાન પાન-૭ પર


## ૧૦મો રાષ્ટ્રીય મતદાતા દિવસ

૨૫ જાન્યુઆરી ૨૦૨૦

Electoral Literacy
Stronger Democracy

**રાષ્ટ્રના આ ગરવા દિવસે એક જ છે નિર્ધાર, લોકતંત્રમાં સક્રિય યોગદાન માટે તૈયાર સૌ મતદાર.**








મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત

મતદાર સાક્ષરતા સશક્ત લોકશાહી


## શહીદોની સ્મૃતિમાં ૩૦મીએ બે મિનિટનું મૌન

ગાંધીનગર, તા.૨૪

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૦ને ગુરૂવારના રોજ શહીદદિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરોને માન અર્પણ કરાશે. સમગ્ર દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. ગુરૂવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, ભેગા મળી, મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે.


**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬


# દેશમાં સૌ પ્રથમવાર બનેલુ સીટી સ્કેન મશીન એકયુટોમ-૩૨ લોન્ચ

**એલેન્જર્સ દ્વારા મેક ઇન ઇન્ડિયાના કન્સેપ્ટને વેગ આપવા સીટી સ્કેનર બનાવાયુ : લો રેડીયેશનની વિશેષતા સાથે દર્દીઓનુ સસ્તા ભાવે નિદાન થશે : મશીનની કિંમત ૧.૧૫ કરોડની છે**




ગાંધીનગર તા ૨૪

મહાત્મા મંદિર ખાતે આજે આઈઆરઆઈએ -૨૦૨૦ની વાર્ષિક કોન્ફરન્સનુ આયોજન કરાયુ હતુ રેડીયોલોજીસ્ટ ટેકનોલોજી ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રના વિવિધ અદ્યતન સાધનો પણ રજુ કરાયા હતા.જેમાં એલેન્જર્સ ગૃપે સીટી સ્કેનર લોન્ચ કર્યુ હતુ. એકયુટોમ -૩૨ સીટી સ્કેનર લોન્ચ કર્યુ હતુ. એલેન્જર્સ દેશની પ્રથમ કંપની છે જેણે દેશમાં પ્રથમવાર આ પ્રકારના સીટી સ્કેનર મશીનનુ ઉત્પાદન કર્યુ છે. એકયુટોમ -૩૨ને એલેન્જર્સ અને જાપાનની કેનન મેડિકલ સિસ્ટમ્સ કોર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે વિકસિત કરાઈ છે. આ ભારતના ઓદ્યોગિક સ્પિરિટ અને જાપાનની એન્જિનિયરીંગ ઉત્કૃષ્ટતાનુ પ્રતિક બની રહેશે. જેમાં ગેન્ટ્રી અને કાઉચનુ ઉત્પાદન એલેન્જર્સની ટેકનિકલ ટીમ દ્વારા કરાયુ છે. અને સિસ્ટમનો કેનન મેડિકલના સહયોગથી ડેવલપ કરાયુ છે. આ તબક્કે એલેજનર્સ સુરેશ શર્મા , આર કે નારણે જણાંવ્યુ હતુ કે મેક ઈન ઈન્ડીયાના કન્સેપ્ટને વેગ આપવાના આશયથી દેશમાં પ્રથમવાર સીટી સ્કેન મશીન બનાવાયુ છે. આ મશીન હાલના હયાત મશીનની સાપેક્ષામાં વધુ ટેકનિકલી અપગ્રેડ છે. જેની અંદાજિત કીંમત રૂ ૧.૧૫ કરોડની છે. જયારે આ મશીનની વિશેષતા મુજબ લો રેડીયેશનના લીધે દર્દીઓનુ વધુ સલામત રીતે સસ્તા દરે નિદાન થઈ શકશે. આગામી પાંચ વર્ષમાં એમ આર આઈ મશીનનુ ઉત્પાદન કરવાની દીશામાં પણ તૈયારી કરી દેવાઈ છે. પ્રધાનમંત્રીના હેલ્થ ફોર ઓલના સ્લોગનનો સાર્થક કરવાના આશયથી એલેન્જર્સ મેડિકલ ક્ષેત્રના નવા સાધનોનુ હજુ ઉત્પાદન કરશે


**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

દુકાન નંબર-સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

**સભાસદો માટે**

મંડળીના સભાસદોને ગ્રાહક વળતર પેટે ભેટની વહેંચણી શરૂ કરવામાં આવી છે. સૌ પ્રથમ વખત સભાસધોને ભેટની પસંદગી માટેના જુદા જુદા વિકલ્પો આપવામાં આવ્યા છે. મંડળીના સભસદો તરફથી આ નવતર પ્રયોગને વ્યાપક આવકાર મળી રહ્યો છે. જે સભાસદોને ભેટ મેળવવાની બાકી છે તેમણે મંડળીની ઓફીસેથી સત્વરે પોતાની પસંદગીની ભેટ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

**: ભેટ મેળવવાનો સમય :**

**સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ અને બપોરે ૨-૦૦ થી ૫-૩૦**



ROOPKALA

The silver shop

**માત્ર ચાંદીનો શો-રૂમ**

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com